# 'આરક્ષણ' ફિલ્મનો સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ અભ્યાસ

પ્રા. કમલેશકુમાર એન. ગોહેલ
ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા

## ૧.પ્રસ્તાવના

આજનું શિક્ષણ વિદ્યાર્થીકેન્દ્રી બન્યું છે ત્યારે વિદ્યાર્થી અસરકારક અધ્યયન દ્વારા પોતાનો અભ્યાસ કરે તે જરૂરી છે. માનવ વિકાસનું એક પરિબળ શિક્ષણ છે. શિક્ષણની પ્રક્રિયા સદીઓથી ચાલતી આવે છે. સમયે-સમયે તેમાં પરિવર્તનો આવતા રહે છે. આજનો યુગ વિજ્ઞાન અને ટેક્નોલોજીનો યુગ હોવાથી વિજ્ઞાન અને ટેકનોલોજીની અસર જીવનના તમામ ક્ષેત્રો પર થતી જોવા મળે છે, ત્યારે શિક્ષણનું ક્ષેત્ર તેમાંથી વંચિત રહી ન શકે તે બહુ સ્વાભાવિક છે. દેશના વિકાસની હરણફાળમાં શિક્ષણ ક્ષેત્રનું પ્રદાન વિશિષ્ટ છે. સમગ્ર દેશના વિકાસનો આધાર દેશની શિક્ષણ વ્યવસ્થા પર રહેલો છે. આથી તેમાં પરિવર્તન લાવવું જરૂરી બની ગયું છે. વર્તમાન યુગમાં સમૂહ માધ્યમોએ સામાજિક જાગૃતતાનું સુંદર કાર્ય કર્યું. ફિલ્મો દ્વારા પ્રસાર ખૂબ જ વધ્યો છે. ટેક્નિકલ શિક્ષણ ખૂબ જ વધ્યું છે ત્યારે દરેક માતા-પિતા ઈચ્છે છે કે પોતાનું બાળક ઈજનેર કે ડોકટર બને પણ તે વિચારતા નથી કે બાળકનું ઘડતર કેવા સંજોગોમાં થયું છે ? બાળકની ઈચ્છા શક્તિ શું કાર્ય કરવાની છે? માત્ર અન્યની રાહે વાલીઓ દોરાઈને બાળકને ભણાવે છે.

આવી જ એક ફિલ્મ પ્રકાશઝા રચિત 'આરક્ષણ' રજૂ થઈ. તેમાં કેટલાક વિરોધ પણ થયા તો આવી ફિલ્મમાંથી વિદ્યાર્થી અને શિક્ષકો વચ્ચે જો હકારાત્મક વિચારસરણીથી વિચારીએ તો વિદ્યાર્થીઓ અને શિક્ષકના સંબંધો ગાઢ બને છે અને નકારાત્મક વિચારીએ તો શિક્ષકને વિદ્યાર્થીઓ દ્વારા નુકશાન પણ જાય તેવું બની શકે. આમ, આ બધી બાબતોને ધ્યાનમાં રાખી 'આરક્ષણ' ફિલ્મ એ શિક્ષણ પ્રક્રિયાની દિશા-દશા રજૂ કરી છે. એવા સંજોગોમાં આ ફિલ્મમાં ઘણા બધા સંવાદો, શિક્ષણ, શિક્ષક, વિદ્યાર્થીઓ અને વાલીઓનાં વ્યક્તિગત જીવનને સ્પર્શે છે. 'આરક્ષણ' ફિલ્મ નિહાળ્યા બાદ મને તે ફિલ્મમાં સામાજિક અને શૈક્ષણિક પાસાં ખૂબ મહત્વનાં અને યોગ્ય લાગ્યા જેથી મને સંશોધન માટે પ્રેરણા મળી. તેથી મેં આ નાનકડા સંશોધન માટે 'આરક્ષણ' ફિલ્મ પસંદ કરી.

## ૨.સમસ્યા કથન

પ્રસ્તુત સંશોધનનું શીર્ષક નીચે મુજબ છે.
આરક્ષણ ફિલ્મનો સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ અભ્યાસ

## ૩.સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનમાં નીચેના હેતુઓને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે.
૧. 'આરક્ષણ' ફિલ્મના સામાજિક પાસાંનો અભ્યાસ કરવો.
૨. 'આરક્ષણ' ફિલ્મના શૈક્ષણિક પાસાંનો અભ્યાસ કરવો.
૩. 'આરક્ષણ' ફિલ્મના સામાજિક પાસાં અંગે વિદ્યાર્થીઓના પ્રતિભાવ જાણવા.
૪. 'આરક્ષણ' ફિલ્મના શૈક્ષણિક પાસાં અંગે વિદ્યાર્થીઓના પ્રતિભાવ જાણવા.
૫. 'આરક્ષણ' ફિલ્મના સામાજિક અને શૈક્ષણિક દષ્ટિથી સૂચિતાર્થો તારવવા.

૪.ઉત્કલ્પનાઓ

**$Ho_1$** 'આરક્ષણ' ફિલ્મ અંગે છોકરાઓના સામાજિક પ્રતિભાવો અને છોકરીઓના સામાજિક પ્રતિભાવો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$** 'આરક્ષણ' ફિલ્મ અંગે છોકરાઓના શૈક્ષણિક પ્રતિભાવો અને છોકરીઓના શૈક્ષણિક પ્રતિભાવો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_3$** 'આરક્ષણ' ફિલ્મ અંગે કુલ છોકરાઓ અને કુલ છોકરીઓના પ્રતિભાવો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૫.સંશોધનમાં સમાવિષ્ટ ચલ

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ ચલોની વિગત નીચે મુજબ છે.

સંશોધનમાં સમાવિષ્ટ ચલો

| ક્રમ | ચલનો પ્રકાર | ચલ | ચલની કક્ષાઓ |
|---|---|---|---|
| ૧ | સ્વતંત્ર ચલ | જાતીયતા | ૧. છોકરાઓ |
| | | | ૨. છોકરીઓ |
| ૨. | પરતંત્ર ચલ | પ્રતિભાવો | ૧. વિદ્યાર્થીઓના સામાજિક પ્રતિભાવો |
| | | | ૨. વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રતિભાવો |
| ૩. | અંકુશિત ચલ | શાળા<br>ધોરણ | ૧. માધ્યમિક શાળા<br>૨. ધોરણ-૯ |

૬.સંશોધનની મર્યાદાઓ

પ્રસ્તુત સંશોધનની મર્યાદાઓ નીચે મુજબ નિર્ધારિત કરવામાં આવી છે.

૧. સંશોધન માત્ર એક જ ફિલ્મ પૂરતું છે.
૨. નમૂનાની મર્યાદા હોઈ શકે.
૩. પ્રસ્તુત સંશોધનમાં પ્રતિભાવોની સ્વરચિત સૂચિ ભરાવવા માટે ફક્ત એક જ વખત ફિલ્મ બતાવવામાં આવશે.
૪. મહેસાણા તાલુકાની બધી માધ્યમિક શાળાઓ આવરી ન લેતાં ફક્ત બે શાળાઓમાં ૨૦૦ વિદ્યાર્થીઓનો જ સંશોધનમાં નમૂના તરીકે સમાવેશ કરેલ છે.

૭.સંશોધનનું ક્ષેત્ર, સંશોધનનો પ્રકાર સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર સમાજશાસ્ત્ર અને શિક્ષણ છે. પ્રસ્તુત સંશોધન એ વ્યાવહારિક પ્રકારનું સંશોધન છે. અને પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિના પેટા પ્રકાર તરીકે વિષયવસ્તુ પૃથક્કરણ નામની વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૮.સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂનો :

૮.૧ વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સમગ્ર ગુજરાતમાં 'આરક્ષણ' ફિલ્મ જોનાર લોકો આ સંશોધનનું વ્યાપવિશ્વ બની શકે. પરંતુ સંશોધન અનુરૂપ અને પ્રતિનિધિત્વરૂપ નમૂનો બને તે માટે મહેસાણા તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સંશોધનનું વ્યાપવિશ્વ બને છે.

૮.૨ નમૂનો

પ્રસ્તુત સંશોધનમાં નમૂના તરીકે મહેસાણા તાલુકાની શ્રી વી.આર.કર્વે બોયઝ હાઈસ્કૂલ, મહેસાણા અને શ્રી અર્બન ગર્લ્સ વિદ્યાલય, મહેસાણાના વર્ષ ૨૦૧૬-૧૭માં ધોરણ-૯ માં અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. જેમાં ૧૦૫ છોકરાઓ અને ૯૫ છોકરીઓનો સમાવેશ કરેલ હતો.

૯. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતીનું એકત્રીકરણ કરવા માટે સામાજિક અને શૈક્ષણિક વિધાનોના એક પ્રતિભાવોની સ્વરચિત સૂચિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરેલ છે. જેમાં સામાજિક વિભાગમાં ૨૦ વિધાનો અને શૈક્ષણિક વિભાગમાં ૨૦ વિધાનો મળીને કુલ ૪૦ વિધાનોની સૂચિ બનાવેલ છે.

૧૦.માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ

વિદ્યાર્થીઓને ફિલ્મ બતાવ્યા બાદ સામાજિક અને શૈક્ષણિક વિધાનોના પ્રતિભાવોની સ્વરચિત સૂચિની માહિતી રૂબરૂ હાજર રહી વિદ્યાર્થીઓ પાસે ભરાવી હતી. પ્રસ્તુત સંશોધન દ્વારા એકત્રિત કરેલી માહિતી પરથી અંકશાસ્ત્રીય પ્રયુક્તિથી સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીના તફાવતની પ્રમાણભૂલ અને તે પરથી ક્રાંતિક ગુણોત્તરનું મૂલ્ય શોધવામાં આવ્યું હતું.

૧૧. ઉત્કલ્પનાઓની ચકાસણી

સંશોધનને અંતે પૃથક્કરણ પરથી જે માહિતી મળી છે તેના આધારે ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી છે. આ વિગત સારણીમાં દર્શાવવામાં આવી છે.

ઉત્કલ્પનાઓની ચકાસણી દર્શાવતી સારણી

| ક્રમ | ઉત્કલ્પનાઓ | t-મૂલ્ય | સાર્થકતા કક્ષા | સ્વીકાર/ અસ્વીકાર |
|---|---|---|---|---|
| ૧ | 'આરક્ષણ' ફિલ્મ અંગે છોકરાઓના સામાજિક પ્રતિભાવો અને છોકરીઓના સામાજિક પ્રતિભાવો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૪.૦૮ | ૦.૦૧ | અસ્વીકાર |
| ૨ | 'આરક્ષણ' ફિલ્મ અંગે છોકરાઓના શૈક્ષણિક પ્રતિભાવો અને છોકરીઓના શૈક્ષણિક પ્રતિભાવો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૨.૫૧ | ૦.૦૫ | અસ્વીકાર |
| ૩ | 'આરક્ષણ' ફિલ્મ અંગે કુલ છોકરાઓ અને કુલ છોકરીઓના પ્રતિભાવો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૧.૧૨ | ૦.૦૫ | સ્વીકાર |

૧૨.સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનના તારણો માહિતીના પૃથક્કરણ અને અર્થઘટન પરથી મળ્યા છે જે નીચે મુજબ છે.

૧. છોકરીઓ કરતાં છોકરાઓના 'આરક્ષણ' ફિલ્મ અંગેના સામાજિક પ્રતિભાવો ચઢિયાતા જોવા મળે છે.
૨. છોકરાઓ કરતાં છોકરીઓના 'આરક્ષણ' ફિલ્મ અંગેના શૈક્ષણિક પ્રતિભાવો ચઢિયાતા જોવા મળે છે.
૩. 'આરક્ષણ' ફિલ્મ અંગે છોકરાઓ અને છોકરીઓના કુલ સામાજિક અને શૈક્ષણિક પ્રતિભાવોમાં સમાનતા જોવા મળે છે.

૧૩. શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત સંશોધન ફિલ્મને એક અસરકારક શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગ કરવા પ્રેરશે.

૧. વિદ્યાર્થીઓમાં સામાજિક સભાનતા અંગેની જાગૃતતા લાવશે.
૨. વિદ્યાર્થીઓને દેશની સમસ્યા અંગે સભાન બનાવશે.
૩. પ્રસ્તુત ફિલ્મમાંથી નિષ્પન્ન થતા શૈક્ષણિક વિચારો વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને ઉપયોગી બનશે.

૪. ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને ફિલ્મના શૈક્ષણિક વિચારો ઉપયોગી બનશે.
૫. કોલેજમાં રેગિંગ જેવી સમસ્યાઓ અંગે જાગૃત કરશે.
૬. પ્રસ્તુત ફિલ્મમાંથી રજૂ થતા સામાજિક અને શૈક્ષણિક વિચારો સમાજમાં રહેલા દૂષણોથી દૂર રહેવા વિદ્યાર્થીઓને પ્રેરશે.
૭. પ્રસ્તુત સંશોધન આવી સામાજિક અને શૈક્ષણિક ફિલ્મો વિદ્યાર્થીઓને બતાવી હકારાત્મક ગુણો ખીલવવા પ્રેરશે.
૮. શિક્ષકોને શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન લાવવા પ્રેરશે.
૯. શિક્ષકો વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિને ઓળખી શકશે.
૧૦.શિક્ષકો વિદ્યાર્થીઓને સંશોધન કરવા પ્રેરણા આપશે.

## ૧૪. ભાવિ સંશોધન અંગેના સૂચનો

૧. 'આરક્ષણ' જેવી બીજી સામાજીક અને શૈક્ષણિક ફિલ્મો પર સંશોધન કરી શકાય.
૧. ૨.કોઈ એક ફિલ્મમાં રજૂ થતા શિક્ષણદર્શન અંગે સંશોધન હાથ ધરી શકાય.
૨. બાળકોના આવી ફિલ્મ પ્રત્યેના મનોભાવોનો અભ્યાસ કરી શકાય.
૩. ફિલ્મોના ઈતિહાસ અંગે સંશોધન હાથ ધરી શકાય.
૪. ૫.ફિલ્મોની શૈક્ષણિક ઉપયોગિતા અંગે સંશોધન હાથ ધરી શકાય.
૫. અમુક ચોક્કસ ફિલ્મ સમાજ પર કેવી અસર કરે છે ? તે અંગે સંશોધન હાથ ધરી શકાય.
૬. જર્નાલીઝમ ક્ષેત્રે ફિલ્મના વિવિધ ભાગોનું ગહન અધ્યયન કરવા સંશોધન હાથ ધરી શકાય.
૭. કોઈ વ્યક્તિના સામાજિક અને શૈક્ષણિક પ્રદાન અંગે સંશોધન હાથ ધરી શકાય.
૮. 'રામાયણ' અને 'મહાભારત' માંથી નિષ્પન્ન થતાં મૂલ્યો અંગે સંશોધન હાથ ધરી શકાય.
૯. ફિલ્મોના વિવિધ પાસાંલક્ષી સંશોધન હાથ ધરી શકાય.

## ૧૫. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યાની પસંદગીથી શરૂ કરીને તારણો સુધીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સંશોધનના તારણો એ સંશોધનનો નિચોડ છે. સંશોધનને વ્યવહારમાં ઉપયોગી બનાવવા તારણો મહત્વનો ભાગ ભજવતા હોય છે. ઉપરાંત આ સંશોધનમાં સંશોધકે યોગ્ય નમૂનો રજૂ કરીને, પોતાની સૂઝબૂઝ અને અનુભવી અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ સંશોધનનું કાર્ય કરીને ભાવિ સંશોધનની દિશા સૂચવી છે.

## સંદર્ભસૂચિ

૧. આચાર્ય, મોહિની, (૨૦૦૯). શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.
૨. દેસાઈ, કે.જી., (૧૯૭૩). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
૩. મુલિયા એમ.એસ. (૧૯૬૯). વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ. રાજકોટ : અર્થ ગ્રાફીક્સ
૪. Vant D.B., (1956). Role of Hyphotesis in Educational Research Administration and supervision. New York : M.C.Graw Hill